પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૩૮ • કુલ પાના : ૪ • તારીખ : ૦૪-૧૦-૨૦૨૨ મંગળવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com



પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


# પાક.ની નવી ચાલ : અફઘાન આતંકીઓને જમ્મુ-કાશ્મીરમાં ઘૂસાડવાની ફિરાકમાં

## પાકિસ્તાન નજીકના સીમાંત વિસ્તારોમાં સુરંગો પણ સુરક્ષા એજન્સીઓ માટે મોટો પડકાર છે.

શ્રીનગર,

પાકિસ્તાન પોતાની અનેક આર્થિક મુશ્કેલીઓ છતાં ભારત વિરુદ્ધ આતંકીઓને પોષવાનું બંધ નથી કરી રહ્યું. ભારતમાં આતંકી હુમલાઓ માટે અનેક વખત જવાબદાર ઠરી ચૂકેલા પાકિસ્તાને હવે આંતરરાષ્ટ્રીય સ્તરે બદનામીથી બચવા માટે અફઘાનિસ્તાનના આતંકીઓને જમ્મુ-કાશ્મીરમાં ઘૂસાડવાનું કાવતરું ઘડ્યું છે. પાકિસ્તાનનો આશય એવો છે કે ભારતમાં કોઈ મોટા આતંકી હુમલા થાય તો તેની જવાબદારી તેના માથે આવતી ટાળી શકે.

સુરક્ષા દળના સૂત્રોએ જણાવ્યું કે, કાશ્મીર ખીણમાં સ્થાનિક અને વિદેશી આતંકીઓની નિશ્ચિત સંખ્યા છે. તે જેવી ૨૦૦થી નીચે જાય છે, પાકિસ્તાન તરફથી કોઈપણ પ્રકારે ખીણમાં આતંકીઓને ઘૂસાડવાના પ્રયત્નો થાય છે. જોકે, આ રિપોર્ટમાં સ્થાનિક અને વિદેશી આતંકીઓની અલગ અલગ સંખ્યાની માહિતી નથી અપાઈ. સૂત્રોનું કહેવું છે કે અફઘાનિસ્તાનમાં તાલિબાનોનું શાસન આવ્યું છે ત્યારથી પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈ કાશ્મીર ખીણમાં અફઘાન આતંકીઓને મોકલવાના સતત પ્રયત્નો કરતું રહે છે. અનેક વખત સરહદ પાર અફઘાન આતંકીઓની હિલચાલ જોવા મળી છે. જોકે, હજુ સુધી તેનો આ પ્રયાસ સફળ થયો નથી. છતાં એજન્સીઓ માટે તે મોટો પડકાર છે.

એક અધિકારીએ કહ્યું કે અમે ચોક્કસ આંકડા તો નહીં કહી શકીએ, પરંતુ અફઘાનિસ્તાનના ઘટનાક્રમ પછી ખીણમાં વિદેશી આતંકીઓની સંખ્યા વધી છે. કાશ્મીર ખીણમાં કેટલા અફઘાન આતંકીઓ છે તે અંગે એજન્સીઓએ કોઈ માહિતી નથી આપી. પાકિસ્તાનથી ડ્રોન દ્વારા વારંવાર વિસ્ફોટકો મોકલવાની બાબતને પણ આંતરિક રિપોર્ટમાં પડકારજનક માનવામાં આવી છે.

પાકિસ્તાન નજીકના સીમાંત વિસ્તારોમાં સુરંગો પણ સુરક્ષા એજન્સીઓ માટે મોટો પડકાર છે. સુરક્ષા દળોનું માનવું છે કે સુરંગનો ઉપયોગ સરહદ પારથી હથિયારો અને ડ્રગ્સ મોકલવા માટે કરાય છે. ડ્રોન મારફત જે રીતે હથિયારો અને ડ્રગ્સની ખેપ આવવાનો સીલસીલો ચાલુ છે, તે ખૂબ જ પડકારજનક છે. જોકે, સુરક્ષા દળોને વિશ્વાસ છે કે ખીણમાં હવે આતંકવાદ બેકાબૂ નહીં થઈ શકે, કારણ કે પડકારોની સરખામણીમાં એજન્સીઓની તૈયારીઓ વધુ મજબૂત છે.

દરમિયાન જમ્મુ-કાશ્મીરના પુલવામા જિલ્લામાં સુરક્ષા દળોની ટીમ પર આતંકીઓએ હુમલો કરતાં એક પોલીસ જવાનનું મોત નીપજ્યું હતું અને સીઆરપીએફનો એક જવાન ઘાયલ થયો હતો. આ ઘટના પછી વધુ કુમક બોલાવાઈને સુરક્ષા દળોએ સર્ચ અભિયાન શરૂ કર્યું હતું. બીજીબાજુ જમ્મુ-કાશ્મીરના ઉધમપુર જિલ્લામાં તાજેતરમાં થયેલા બે બોમ્બ વિસ્ફોટના કેસમાં બે લોકોની ધરપકડ કરાઈ છે. ઉધમપુરમાં ૨૮ અને ૨૯મી સપ્ટેમ્બરે બસ સ્ટેશનમાં પાર્ક બે બસોમાં વિસ્ફોટ કરાયા હતા, પરંતુ તેમાં કોઈ જાનહાની થઈ નહોતી. પોલીસે આ ઘટનામાં એક ડઝનથી વધુ શકમંદોની પૂછપરછ કરી હતી, જેમાંથી બેની ધરપકડ કરાઈ હતી.

### વરસતા વરસાદ વચ્ચે રાહુલની જનસભા

## અમે પ્રેમ ફેલાવવા નીકળ્યા છીએ, અમને કોઈ રોકી શકશે નહીં, નદીને જેમ રોકાયા વગર કન્યાકુમારીથી કાશ્મીર જશે



મૈસુર,

કર્ણાટકના મૈસુરમાં ભારત જોડો યાત્રા દરમિયાન રાહુલ ગાંધીએ વરસતા વરસાદમાં જનસભાને સંબોધી. ગાંધી જયંતીના અવસર પર, આખા દિવસની મુસાફરી પછી, જ્યારે રાહુલ લોકોને સંબોધવા માટે સ્ટેજ તરફ ચાલ્યા ત્યારે વરસાદ શરૂ થયો. રાહુલે વરસાદ રોકાવાની રાહ ન જોતા સંબોધન ચાલુ રાખ્યું.

રાહુલે કહ્યું- ભલે ગમે તે થઈ જાય, ભારત જોડો યાત્રાને કોઈ રોકી શકશે નહીં. અમારી યાત્રાનો ઉદ્દેશ્ય ભાજપ આરએસએસ દ્વારા ફેલાયેલી નફરત અને હિંસા રોકવાનો છે. ગરમી, વાવાઝોડું અને ઠંડી પણ આ યાત્રા રોકી નહીં શકે. યાત્રા નદીને જેમ રોકાયા વગર કન્યાકુમારીથી કાશ્મીર જશે. આ યાત્રામાં નફરત અને હિંસા જેવી વસ્તુ નહીં જોવા મળે. આમાં માત્ર પ્રેમ અને ભાઈચારો મળશે, જે ભારતના ઈતિહાસ અને DNAમાં છે. ભાજપ અને સંઘ ગમે તેટલી નફરત ફેલાવે, યાત્રા તેને રોકશે અને લોકોને ફરી સાથે જોડવામાં મદદ કરશે.

રવિવારે રેલી દરમિયાન રાહુલે મહાત્મા ગાંધીને ૧૫૩મી જયંતી નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ અર્પી. રાહુલ કર્ણાટકના બદનાવલુમાં ખાદી ગ્રામોદ્યોગ કેન્દ્ર પહોંચ્યા જ્યાં મહાત્માએ ૧૯૨૭માં મુલાકાત લીધી હતી. અહીં રાહુલે કહ્યું કે સત્તામાં રહેલા લોકો માટે રાષ્ટ્રપતિની વિરાસતને પોતાની હોવાનો દાવો કરવો ખૂબ જ સરળ છે, પરંતુ મહાત્મા ગાંધીના બતાવેલા માર્ગ પર ચાલવું સરળ નથી.

તેમણે કહ્યું કે મહાત્માં ગાંધીએ જેવી રીતે અંગ્રેજ સરકાર સામે લડત લડી હતી, અમે પણ એ લોકોની વિચારધારા વિરુદ્ધ જંગ ખેડી છે જેમણે મહાત્માની હત્યા કરી હતી. આ વિચારધારાએ જ છેલ્લા આઠ વર્ષમાં આપણા દેશમાં અસમાનતા, ભેદભાવ ફેલાયો છે. ખૂબ સંઘર્ષ કરી મળેલી આઝાદીને સમાપ્ત કરી છે.

કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધી પણ રાહુલ ગાંધીના નેતૃત્વમાં ભારત જોડો યાત્રા અભિયાનમાં જોડાશે. તે ૬ ઓક્ટોબરે કર્ણાટકના મંડ્યામાં ભારત જોડો યાત્રામાં જોડાશે. કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા પણ ૭ ઓક્ટોબરે આ યાત્રામાં ભાગ લેશે. સોનિયા ગાંધી પ્રથમ વખત આ મુલાકાતમાં ભાગ લેશે, કારણ કે જ્યારે તે શરૂ થઈ ત્યારે તેઓ તબીબી તપાસ માટે વિદેશ ગયા હતા.

## યુપીમાં ૧૦ મિનિટમાં આખો પંડાલ બળીને ખાખ, ૨ બાળકો સહિત પાંચ લોકોના મોત

### હોસ્પિટલમાં દાખલ લોકો ૩૦થી ૪૦ ટકા જેટલું દાઝી ગયા છે.



લખનૌ,

ઉત્તર પ્રદેશના ભદોહી જિલ્લામાં દુર્ગા પંડાલમાં રવિવારે રાતે લગભગ નવ વાગે આરતી થઈ રહી હતી. આરતી સમયે ૧૦૦થી વધુ લોકો ત્યાં હાજર હતા. અચાનક આગ લાગી અને અફરાતફરી મચી ગઈ. દસ જ મિનિટમાં આખો પંડાલ બળીને ખાખ થઈ ગયો. આ અકસ્માતમાં પાંચ લોકોના અત્યાર સુધીમાં મોત થયા છે અને ૫૦થી વધુ લોકો હોસ્પિટલમાં સારવાર હેઠળ ચે. માહિતી ડીએમ ગૌરાંગ રાઠીએ આપી. તેમણે જણાવ્યું કે મૃતકોમાં ૧૦ અને ૧૨ વર્ષના બાળકો અને ૪૫ વર્ષની એક મહિલા સામેલ છે.

ભદોહીના ડીએમએ જણાવ્યું કે હોસ્પિટલમાં દાખલ લોકો ૩૦થી ૪૦ ટકા જેટલું દાઝી ગયા છે. જે સમયે પંડાલમાં આગ લાગી ત્યારે લગભગ ૧૫૦થી વધુ લોકોની ભીડ ભેગી થઈ હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યાં મુજબ કાર્યક્રમ સ્થળે અચાનક આગ લાગી અને જોત જોતામાં તો આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું અને પંડાલમાં ભાગદોડ મચી ગઈ. આગમાં કુલ ૬૪ જેટલા લોકો દાઝી ગયા.

ઔરાઈ સ્થિત નારથુઆ ગામમાં શિવ મંદિર પાસે પોખરા (તળાવ) પર દર વર્ષની જેમ આ વર્ષે પણ દુર્ગા પૂજા પંડાલ સ્થાપિત કરાયો હતો. મીડિયા રિપોર્ટ મુજબ પૂજા પંડાલને કાગળ અને થર્મોકોલથી ગુફા જેવો બનાવવામાં આવ્યો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યાં મુજબ મોટી સંખ્યામાં લોકો ત્યાં હાજર હતા અને તે સમયે અચાનક પંડાલના પડદામાં આગ લાગી ગઈ. લોકો કઈ સમજે ત્યાં સુધીમાં તો જોત જોતામાં આખો પંડાલ બળીને ખાખ થઈ ગયો.

ભાગદોડ દરમિયાન પણ કેટલાક લોકો ઘાયલ થયા હોવાનું કહેવાય છે. ફાયર વિભાગના જવાન જ્યાં સુધી પહોંચે ત્યાં સુધીમાં તો પંડાલ બળીને ખાખ થઈ ગયો હતો. ઔરાઈ ફાયર બ્રિગેડની ટીમે અડધા કલાકની જદ્દોજહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો. પોલીસ અને ફાયરની ટીમોએ સ્થાનિક લોકોની મદદથી પંડાલમાં ફસાયેલા લોકોને બહાર કાઢીને હોસ્પિટલ પહોંચાડ્યા.

ડીએમ ગૌરાંગ રાઠીના જણાવ્યાં મુજબ આગ શોર્ટસર્કિટના કારણે લાગી હોવાની આશંકા છે. પોલીસ સૂત્રોના જણાવ્યાં મુજબ એક્તા ક્લબ પૂજા સમિતિ દ્વારા સ્થાપિત પંડાલમાં ડિજિટલ શો ચાલુ હતો ત્યારે કદાચ આ શોર્ટ સર્કિટ થયું અને આગ લાગી. જો કે અન્ય કારણો અંગે પણ તપાસ કરાવવામાં આવી રહી છે. આગની સૂચના મળતા જ ટોચના અધિકારીઓની સાથે સાથે સાંસદ રમેશ બિંદ, ઔરાઈ ધારાસભ્ય દીનાનાથ ભાસ્કર, જ્ઞાનપુર વિપુલ દુબે, વગેરે ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

યુપીના સીએમ યોગી આદિત્યનાથે જનપદ ભદોહીના ઔરાઈમાં દુર્ગા પૂજા પંડાલમાં આગ લાગવાની ઘટનાનુ જાણવાજોગ લીધુ છે. મુખ્યમંત્રીએ ઘાયલોને તાત્કાલિક હૉસ્પિટલ પહોંચાડીને જિલ્લા પ્રશાસનના અધિકારીઓને તેમના ઈલાજ માટે નિર્દેશ આપ્યા છે.

## CNGના ભાવ વધારા સામે રિક્ષાચાલકો ૧૦મી ઓકટોબરે હડતાળ કરશે



અમદાવાદ,

ગુજરાતની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી છે ત્યારે સરકાર સામે અનેક સંગઠનો મેદાનમાં આવ્યા છે, CNGના ભાવ વધારાની સામે રિક્ષાચાલકો પણ કરશે આંદોલન એવી ભીતિ હાલ સેવાઈ રહી છે. ૧૦મી ઓકટોબરે પ્રતિક હડતાળની ચીમકિ આપી છે. CNGના સતત વધતા જતાં ભાવના વિરોધમાં રિક્ષાચાલકો ૧૦મી ઓકટોબરે પ્રતીક હડતાળ પાડશે. આ એલાનને પગલે મોટાભાગના રિક્ષાચાલક એસો. હડતાળમાં જોડાતા બંધને સજ્જડ પ્રતિસાદ મળે તેવી શક્યતા જોવાઈ રહી છે.

છેલ્લા કેટલાય સમયથી પેટ્રોલ-ડીઝલ કરતાંય વધારે ગતિથી ઝદ્રવ્યના ભાવો વધી રહ્યા છે અને સરકારની બેદરકારીને કારણે લાખો રિક્ષાચાલકો ભયંકર તકલીફમાં મુકાયા છે. ઉલ્લેખનીય છે કે એક દિવસ પહેલા જ અદાણીએ સીએનજીના ભાવમાં ૩ રૂપિયાનો ધરખમ વધારો કર્યો છે જેના પગલે રિક્ષા ચાલકોએ આંદોલન કરવાની ચીમકિ આપી છે.

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ બે દિવસીય ગુજરાતના પ્રવાસે : ગાંધી આશ્રમની મુલાકાત લીધી



અમદાવાદ,

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી બે દિવસીય ગુજરાતના પ્રવાસે છે. દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ ગાંધી આશ્રમની મુલાકાત લઈને પોતાની ગુજરાતની યાત્રાનો પ્રારંભ કર્યો હતો. ગાંધી આશ્રમમાં તેમણે કસ્તુરબાનો રૂમ તેમજ હૃદય કુંજની પણ મુલાકાત લીધી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવીને તેમને વંદન કર્યા હતા.

રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા બાદ દ્રૌપદી મુર્મૂ પ્રથમવાર ગુજરાત પ્રવાસે આવ્યા છે. અહીં તેઓ અમદાવાદ અને ગાંધીનગરના વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે તેમજ કરોડોના વિકાસકાર્યોને ખુલ્લા મુકશે. તેઓ અમદાવાદના સાબરમતી આશ્રમની મુલાકાત લઈને પોતાના કાર્યની શરૂઆત કરી હતી.

ગાંધીનગરમાં આરોગ્ય, સિંચાઈ, પાણી પુરવઠા અને બંદર વિકાસને લગતી વિવિધ યોજનાઓનું લોકોર્પણ કર્યું હતું અને ગુજરાત સરકાર દ્વારા આયોજિત નાગરિક સત્કાર સમારંભમાં પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

આવતીકાલે ગુજરાત યુનિવર્સિટીના મહિલા ઉદ્યોગ માટેના સ્ટાર્ટ-અપ પ્લેટફોર્મ હરસ્ટાર્ટ નું લોન્ચ કરશે. તેમજ અમદાવાદમાં શિક્ષણ અને આદિજાતિ વિકાસ સંબંધિત વિવિધ પ્રોજેક્ટના લોકાર્પણ કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહેશે.

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલનું ખાત મુહુર્ત રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂના હસ્તે કરાશે. ગાંધીનગર સિવિલ કેમ્પસમાં ૩૭૩ કરોડના ખર્ચે સ્પેશિયલ હોસ્પિટલ અને ટ્રોમા સેન્ટર તૈયાર થશે.

## હૈદરાબાદમાં ISI સાથે જોડાયેલા ત્રણ શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ

હૈદરાબાદ,

હૈદરાબાદ પોલીસે ત્રણ શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ કરી હતી જેઓ કથિત રીતે પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈના ઈશારે શહેરમાં ફિદાયીન હુમલા કરવાની યોજના બનાવી રહ્યા હતા. પોલીસે તે તમામ પાસેથી ચાર ગ્રેનેડ, રૂ ૫ ૪૧,૮૦૦ રોકડ અને એક મોટરસાઈકલ જપ્ત કરી છે. હૈદરાબાદના પોલીસ કમિશનર સીવી આનંદે આ માહિતી આપી હતી.આ પકડાયેલા આતંકવાદીઓની ઓળખ મૂસરામબાગના અબ્દુલ જાહિદ (૪૦), સૈયદાબાદના મોહમ્મદ સમીઉદ્દીન (૩૯) અને હુમાયુ નગરના માઝ હસન ફારૂક (૨૯) તરીકે કરવામાં આવી છે. આરોપીઓએ વિસ્ફોટ અને એકલા વરુના હુમલા સહિતના આતંકવાદી કૃત્યોને અંજામ આપવાનું કાવતરું ઘડ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું કે ઝાહિદને ચાર ગ્રેનેડનું કન્સાઈનમેન્ટ મળ્યું હતું અને તે હૈદરાબાદમાં આતંકી હુમલાને અંજામ આપવા જઈ રહ્યો હતો. કમિશનરે કહ્યું કે ચોક્કસ માહિતીના આધારે, દરોડા પાડવામાં આવ્યા હતા અને મલકપેટમાં ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા એકત્રિત કરવામાં આવેલી પ્રાથમિક માહિતી અનુસાર, ઝાહિદ અગાઉ હૈદરાબાદમાં આતંકવાદ સંબંધિત અનેક કેસોમાં સામેલ હતો, જેમાં હૈદરાબાદ સિટી પોલીસ કમિશનરની ટાસ્ક ફોર્સ ઓફિસ બેગમપેટ પર ૨૦૦૫માં થયેલા આત્મઘાતી હુમલાનો પણ સમાવેશ થાય છે.

ત્રણ શંકાસ્પદ આતંકવાદીઓ આઈએસઆઈ એલઈટીના ત્રણ બોસ ફરહતુલ્લા ઘોરી ઉર્ફે એફજી, સિદ્દીકી બિન ઉસ્માન ઉર્ફે રફીક ઉર્ફે અબુ હમઝાલા અને અબ્દુલ મજીદ ઉર્ફે છોટુ સાથે નિયમિત સંપર્કમાં હતા. આ ત્રણ ISI હેન્ડલર્સ, બધા હૈદરાબાદના વતની છે અને ઘણા કેસોમાં વોન્ટેડ છે, હવે પાકિસ્તાનમાં સ્થાયી થયા છે અને આઈએસઆઈના નેજા હેઠળ કામ કરી રહ્યા છે.

## સપ્ટે.માં પેટ્રોલ-ડીઝલનાં વેચાણમાં વધારો નોંધાયો પેટ્રોલનું વેચાણ ૧૩.૨ ટકા વધીને ૨.૬૫ મિલિયન ટન થયું




મુંબઈ,

સપ્ટેમ્બર મહિનામાં દેશમાં પેટ્રોલ અને ડીઝલનાં વેચાણમાં નોંધપાત્ર વધારો થયો છે. તહેવારોની મોસમ નજીક આવી રહી છે ત્યારે સારા ચોમાસા પછી ઉપયોગી ચીજોની માંગમાં ધરખમ વધારો થયો છે. આર્થિક પ્રવૃત્તિમાં તેમજ વેપાર ઉદ્યોગ ધંધામાં તેજીનો સળવળાટ થયો છે આને કારણે દેશમાં બંને પેટ્રો પેદાશોની માંગ અને વપરાશમાં વધારો જોવા મળ્યો છે. સપ્ટેમ્બરમાં પેટ્રોલનું વેચાણ ૧૩.૨ ટકા વધીને ૨.૬૫ મિલિયન ટન થયું છે. જે સપ્ટેમ્બર ૨૦૨૦માં કોરોનાની મહામારી વખતે થયેલા પેટ્રોલનાં વેચાણ કરતા ૨૦.૭ ટકાનો અને કોરોના પહેલાની સ્થિતિ કરતા ૨૩.૩ ટકાનો વધારો દર્શાવે છે. ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં પેટ્રોલનું વેચાણ ૨.૩૪ મિલિયન ટન હતું. જો કે પેટ્રોલની માંગ ગયા મહિને ઓગસ્ટ કરતા ૧.૯ ટકા ઓછી રહી છે. સપ્ટેમ્બરમાં ડીઝલની માંગમાં ૨૨.૬ ટકાનો ઉછાળો આવ્યો છે અને ૫ .૯૯ મિલિયન ટન ડીઝલનું વેચાણ થયું છે. સપ્ટેમ્બર ૨૦૨૦ કરતા ડીઝલની વપરાશ ૨૩.૭ ટકા અને કોરોના પહેલાનાં ગાળા કરતા ૧૫ ટકા વધી છે. સપ્ટેમ્બરમાં છ્ત્નની માંગ ૫,૪૪,૭૦૦ ટન રહી હતી. જે સપ્ટેમ્બર ૨૦૨૦ કરતા ૮૧.૩ ટકાનો વધારો દર્શાવે છે. જો કે કોરોના પહેલાની સપ્ટેમ્બર ૨૦૧૯ની સ્થિતિ કરતા તે ૧૨ ટકાનો ઘટાડો દર્શાવે છે. સપ્ટેમ્બરમાં રાંધણ ગેસનું વેચાણ પણ ૫.૪ ટકા વધીને વાર્ષિક ધોરણે ૨.૪૮ મિલિયન ટન થયું છે.

## ગરીબી, બેરોજગારી અને આર્થિક અસમાનતા ચિંતાજનક : સંઘના મહામંત્રી હોસબોલે

નવીદિલ્હી,

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે દેશમાં વધી રહેલી ગરીબી, બેરોજગારી અને અસમાનતાને મુદ્દે ચિંતા જાહેર કરીને ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવા આહવાન કર્યું હતું.

દત્તાત્રેય હોસબલેએ કહ્યું હતું કે ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપતાં નોકરી ઈચ્છુકો જ નોકરીની તકો ઊભી કરનારા બની જશે. સંઘને સંલગ્ન સ્વદેશી જાગરણ મંચ દ્વારા સ્વાવલંબી ભારત અભિયાન અંતર્ગત યોજવામાં આવેલા વેબિનારને સંબોધતાં દત્તાત્રેય હોસબલેએ જણાવ્યું હતું કે દેશમાં ગરીબી રાક્ષસની જેમ ઊભી છે. આ રાક્ષસને હણવાની જરૂર છે. ૨૦ કરોડ લોકો હજી ગરીબી રેખાથી નીચે જીવી રહ્યા છે તે દુઃખનીય છે. દેશના ૨૩ કરોડ લોકો દૈનિક રૂપિયા ૩૭૫ કરતાં ઓછી આવક ધરાવે છે. દેશમાં ૪ કરોડ બેરોજગાર છે. શ્રમિકો પર થયેલા સર્વેક્ષણનાં તારણો કહે છે કે બેરોજગારી દર ૭.૬ ટકા પ્રવર્તી રહ્યો છે.

આર્થિક અસમાનતા બીજો મોટો મહત્ત્વનો પ્રશ્ન છે. એક આંકડો કહે છે કે ભારતનો વિશ્વના છ ટોચના અર્થતંત્રમાં સમાવેશ થાય છે. પરંતુ શું આ સારી સ્થિતિ છે? ભારતની એક ટકા વસતી દેશની ૨૦ ટકા આવક ધરાવે છે. દેશની ૫૦ ટકા વસતી દેશની આવકમાં માત્ર ૧૩ ટકાની ભાગીદારી ધરાવે છે.

સંયુક્ત રાષ્ટ્રે ગરીબી અને વિકાસ મુદ્દે કરેલા નિરીક્ષણોને ટાંકતાં દત્તાત્રેય હોસબલે જણાવ્યું હતું કે દેશના મોટાભાગની વસતી હજી શુદ્ધ પાણી અને પોષક આહાર સુધીની પહોંચ ધરાવતી નથી. ગરીબી માટે નબળું શિક્ષણ પણ જવાબદાર છે. તેથી જ નવી શિક્ષણ નીતિ ઘડી કાઢવામાં આવી છે. ગરીબી માટે જળવાયુ પરિવર્તન પણ જવાબદાર છે. અને સરકારની અપૂરતી કાર્યકુશળતા પણ ગરીબી માટે કારણભૂત છે. સંઘના મહામંત્રીની આ ટિપ્પણી ચેતવણી સમાન ગણવામાં આવે છે.


અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

બારીઆ સરદારસિંહ ભીમાભાઈ

તરફથી અભીનંદન....

મુ. મંદીર ફળીયું-ટીડકી,
તા. દે.બારીઆ,
જી. દાહોદ



અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

પટેલ કેશવસિંહ નવલસિંહ

તરફથી અભીનંદન....

મુ. હાઈસ્કુલ ફળિયું-
જુના બારીઆ,
તા. દે.બારીઆ,
જી. દાહોદ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુર પાલિકા દ્વારા વડાપ્રધાન આવાસ યોજનાના બેનર લાગ્યા પરંતુ અગાઉ બનેલ ૨૭૨ આવાસો ખંડેર હાલતમાં





તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર નગરપાલિકાનું વડાપ્રધાન આવાસ યોજનાનું બેનર લગાવવામાં આવ્યું, જ્યારે બીજી બાજુ ૨૭૨ આવાસો ખંડેર હાલતમાં ૨૭૨ પરિવારો વડાપ્રધાન આવાસની યોજનાથી લાભથી વંચિત કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારની ગરીબ પરિવારને પોતાનો ઘરનું ઘર મળી રહે તે હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા ગરીબો માટે પ્રધાનમંત્રી આવાસ યોજના શરૂ કરવામાં આવેલી હતી. સંતરામપુર નગરના વાલ્મિકી વાસ અને મરઘા કેન્દ્ર પાસે કુલ ૨૭૨ બનાવવા માટેની આશરે ૨૦૧૨માં તેનું ભૂમિ પૂજન કરવામાં આવેલું હતું, પરંતુ અત્યાર સુધી પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ આપવામાં આવેલો નથી. અત્યાર સુધી કામગીરી પૂર્ણ કરવામાં પણ આવેલ નથી. હાલમાં પણ ગુજરાત સરકારના ૨૭૨ આવાસમાં કરોડો રૂપિયા ખર્ચ કર્યા પછી પણ આવાસો ખંડેર હાલતમાં જોવાઈ રહેલા છે. જ્યારે બીજી બાજુ ટાવર ઉપર બેનર લગાવવામાં આવેલું કે, પ્રધાનમંત્રી આવાસ યોજનાનો ગૃહ પ્રવેશ કરવા માટેનો પરંતુ હજુ સુધી કામગીરી પૂર્ણ કરવામાં આવેલી જ નથી. મળતી માહિતી મુજબ અગાઉમાં આવેલા નગર પાલિકાના ચીફ ઓફિસર મયુર જોશી આવાસ બાબતની સ્થળ તપાસ કરેલી હતી. તે દરમિયાનમાં હલ્કીકક્ષાની હલકી ગુણવત્તા હોવાના કારણે આ કામગીરી દરમિયાન કોન્ટ્રાક્ટરની જાણ પણ કરી હતી. ત્યાર પછી આદિન સુધી કામગીરી પૂર્ણ કરવામાં આવેલી જ નથી. વડાપ્રધાન આવાસ યોજનાનો ગૃહ પ્રવેશનો બેનર લાગેલું છે, જ્યારે બીજી બાજુ ૨૭૨ આવાસો ખંડેર અવસ્થામાં જોવાયેલા છે. લાભાર્થી રાજુભાઈ સોલંકી વહેલી તકે આવાસો બની અને અમને લાભ મળે અમે આ બાબતમાં વારંવાર રજૂઆત કરી તેમ છતાં હજુ સુધીનો આવાસનો લાભ મળ્યો નથી.

# મહીસાગર વન વિભાગ દ્વારા લુણાવાડામાં વન્યપ્રાણી સપ્તાહ અંતર્ગત ચિત્ર સ્પર્ધા યોજાઇ



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહિસાગર,

મહીસાગર વન વિભાગ લુણાવાડા રેંજ દ્વારા કિસાન માધ્યમિક વિદ્યાલયના પ્રાંગણમાં પ્રકૃતિના સાનિધ્યમાં ૨જી ઓકટોબર થી ૮ મી ઓકટોબર વન્યપ્રાણી સપ્તાહ અંતર્ગત વન્યપ્રાણી જાગૃતિ અંગે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ઉજ્જ્વળ ભવિષ્ય માટે વન્યપ્રાણીઓનું સન્માન, વન અને વન્ય પ્રાણીઓનું મહત્વ, વન અને માનવીય સંબધો આ ત્રણ વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૮ અને ૯ ના મળીને આશરે ૬૦ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ પ્રસંગે લુણાવાડા રેંજ ફોરેસ્ટ ઓફીસર વૈભવ હારેજા દ્વારા કાર્યક્રમની શરૂઆતમાં વન્યપ્રાણી સંરક્ષણ અંગે જાગૃતિ, પ્રકૃતિ શિક્ષણ અંગે તેમજ વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ ની મહત્વની જોગવાઈઓ તેમજ માનવવન્યપ્રાણી ઘર્ષણ અટકાવવા અંગેની સમજ આપવામાં આવી હતી. આ વિસ્તારમાં વધુ જોવા મળતા મગર જેવા વન્યપ્રાણીના રેસ્કયુ બાબતે લોકોને અગત્યની માહીતી પૂરી પાડવામાં આવી. જાહેર જનતા માટે ઉપલબ્ધ કરવામાં આવેલ વન્યજીવના બચાવ, રાહત અને ફરીયાદ નિવારણ માટેની વન વિભાગની હેલ્પલાઈન ૮૩૨૦૦૦૨૦૦૦ વિશે માહિતગાર કરવામાં આવ્યા. આ પ્રસંગે ચિત્ર સ્પર્ધાના અંતમાં ઉત્સાહપુર્વક ભાગ લેનાર વિજેતા વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતિય એમ ત્રણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે ઈનામ એનાયત કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ વ્યકિતઓએ વન્યજીવ સંરક્ષણ કરવા બાબતે કટિબદ્ધતા દર્શાવી. લુણાવાડા રેંજ દ્વારા વન્યપ્રાણી સપ્તાહ અંતર્ગત યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ તેમજ અન્ય લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો અને વન્યપ્રાણી સંરક્ષણ અંગેની તેમજ વન વિભાગને અનુલક્ષી અન્ય ઉપયોગી માહિતી મેળવી.

આ કાર્યક્રમમાં વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે રસ ધરાવતાં બિન સરકારી સંગઠન મહીસાગર નેચર એન્ડ એડવેન્ચર ફાઉન્ડેશનના પ્રમુખ મયુર પ્રજાપતિ, સભ્યો વન કર્મીઓ તેમજ શાળાના આચાર્ય શિક્ષક ગણે ઉત્સાહસભેર સાથ સહકાર આપી સફળ બનાવ્યો હતો.

# મહીસાગરમાં જિલ્લા સ્વાગત કાર્યક્રમ ૨૭ ઓક્ટોબર અને તાલુકા સ્વાગત કાર્યક્રમ ૨૫ ઓક્ટોબરના રોજ યોજાશે

લુણાવાડા,

મહિસાગર જિલ્લાના પ્રજાજનોના પડતર પ્રશ્નોના નિકાલ માટે માન.મુખ્યમંત્રી ધ્વારા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલ છે. જેના ભાગરૂપે જિલ્લા કક્ષાએ દર માસના ચોથા ગુરૂવારે કલેકટરના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્વાગત તથા ચોથા બુધવારે મામલતદારની કચેરીઓમાં વર્ગ-૧ કક્ષાના અધિકારીઓના અધ્યક્ષ સ્થાને તાલુકા સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં વ્યક્તિગત પ્રશ્ન કે જેમાં કોર્ટ મેટર, નિતિ વિષયક તથા સેવા વિષયક સિવાયના કાર્યોનો નિકાલ સંબંધિત કચેરીમાં ન થતો હોય તેવા કાર્યોના નિકાલની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જિલ્લાના તમામ તાલુકા માટે ઓકટોબર-૨૦૨૨ નો તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૫/૧૦/૨૦૨૨ બુધવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે તથા જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૭/૧૦/૨૦૨૨ને ગુરૂવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યોજવાનો હોય માહે ઓકટોબર-૨૦૨૨ માં જિલ્લા અને તાલુકાઓમાં વર્ગ-૧ કક્ષાના અધિકારીઓ તા.૨૫/૧૦/૨૦૨૨ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી લોકોના પ્રશ્નો રૂબરૂ સાંભળી નિરાકરણ લાવશે.

આ સ્વાગત કાર્યક્રમમાં કલેક્ટર મહીસાગર લુણાવાડા તાલુકામાં, જિલ્લા વિકાસ અધિકારી મહીસાગર બાલાસિનોર તાલુકામાં, પોલીસ અધિક્ષક મહીસાગર સંતરામપુર તાલુકામાં, પ્રાંત અધિકારી લુણાવાડા કડાણા તાલુકામાં, પ્રાંત અધિકારી સંતરામપુર વીરપુર તાલુકામાં તેમજ પ્રાંત અધિકારી બાલાસિનોર ખાનપુર તાલુકાના લોકોના પ્રશ્નો રૂબરૂ સાંભળી નિરાકરણ લાવશે.

ગ્રામજનોએ પોતાના પડતર પ્રશ્નો/રજુઆત અંગેની અરજી ''મારી અરજી તાલુકા સ્વાગતમાં લેવી'' તેવા મથાળા હેઠળ સંબંધિત ગામનાં તલાટી/મંત્રીને સંબોધીને ૧ થી ૧૦ તારીખ સુધીમાં આપવાની રહેશે. તા.૧૦/૧૦/૨૦૨૨ સુધીમાં મળેલ અરજીને તાલુકા સ્વાગત કાર્યક્રમાં સમાવવામાં આવશે.

જિલ્લા અને તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ભાગ લેવા માટે અરજદારએ પોતાના વ્યક્તિગત/અંગત પ્રશ્ન ટાઈપ કરેલી અરજી ફોન નંબર તથા સંપૂર્ણ સરનામાં સાથેની એક અરજીમાં એક જ પ્રશ્ન સંબંધિત અમલીકરણ અધિકારીની કચેરીને કરેલી અરજીની નકલ સાથે સંબંધિત કચેરીને મોકલી આપવાની રહેશે. તેમ નિવાસી અધિક કલેકટર મહિસાગર-લુણાવાડાની અખબારી યાદીમાં જણાવેલ છે.

# દાહોદ સ્ટેટ બેંક ગૃપ દ્વારા SBI ગ્રામ સેવા કાર્યક્રમ ચોથા તબકકાથી શરૂઆત કરી

દાહોદ,

દાહોદ ઓક્ટોબર ૦૨, ૨૦૨૨ ગાંધી જયંતિના અવસરે સ્ટેટ બેંક ગ્રુપ ઓફ દાહોદમાં દાહોદ જિલ્લાના ૫ દૂરના ગામોને આવરી લેતા એસબીઆઈ ગ્રામ સેવા કાર્યક્રમના ચોથા તબક્કાના પ્રારંભની વર્ચ્યુઅલ જાહેરાત કરી હતી. ગાંધીજીની ગ્રામ સ્વરાજની કલ્પનાને યાદ કરી હતી. એસબીઆઈ ગ્રામ સેવા ૨૦૧૭ માં એક આત્મનિર્ભર ગ્રામીણ ભારતના નિર્માણ અને વિકાસ માટે શરૂ કરવામાં આવી હતી.

દાહોદ જિલ્લાના પાંચ દુરના ગામોને આવરી લેવા માટે દાહોદ એસબીઆઈ શાખા દ્વારા ગ્રામ સેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. એસબીઆઈના ચેરમેન દિનેશ ખારાએ જણાવ્યું હતું કે, એસબીઆઈએ હંમેશા મજબૂત અને વિકસિત ગ્રામીણ ભારતના નિર્માણમાં યોગદાન આપવાનો પ્રયાસ કર્યો છે. આ દિશામાં કામ કરતા એસબીઆઈ ફાઉન્ડેશનના મુખ્ય સીએસઆર કાર્યક્રમો પૈકી એક ગ્રામ સેવા છે. આજે, મને ૬ રાજ્યોમાં ફેલાયેલા ૩૦ ઓળખાયેલા ગામડાઓની નવી બેચમાં કાર્યક્રમના ચોથા તબક્કાના પ્રારંભની જાહેરાત કરતાં ઘણો આનંદ થાય છે અને વિશ્વાસ છે કે અમારા સંયુક્ત પ્રયાસો આ ગામોને મહાત્મા ગાંધીના ગ્રામ ના સ્વપનને સાકાર કરશે. સ્વરાજ તમને કરવાની નજીક લઈ જશે. અદ્યક્ષસ્થાને મુખ્ય મહેમાન બિંદુ જનાર્દન, એસબીઆઈ વડોદરાના જનરલ મેનેજરએ શેર કર્યું હતું. મને એ જણાવતા આનંદ થાય છે કે, એસબીઆઈ ગ્રામ સેવા કાર્યક્રમ જમીન પરના અમારા ભાગીદારો સાથે, સરકારી વિભાગો તરફથી નોંધપાત્ર સમર્થન અને ગ્રામ પંચાયતોની સક્રિય ભાગીદારી, સામાજિક-આર્થિક વિકાસમાં વધારો કરે છે. પ્રદાન કરવાનો પ્રયાસ કરીશ અને દાહોદના ૫ દત્તક લીધેલા ગામોમાં વિકાસ અને સમૃદ્ધિ માટે પ્રતિબદ્ધ બનો. વિશેષ અતિથિ રાહુલ બાંગરે, ડીડીએમ, નાબાર્ડએ વ્યૂહાત્મક અમિત સક્સેના, ચીફ મેનેજર, નાબાર્ડના સમયે વિસ્તારના વિકાસ માટે કામ કરતા તમામ વિભાગોની સંકલન ક્રિયા શેર કરી. એસબીઆઈ ગોધરા, સુવીના ડોડલિંગનવર, આસિસ્ટન્ટ પ્રોગ્રામ મેનેજર, એસબીઆઈ ફાઉન્ડેશન મુંબઈ, રવિન્દ્ર કુમાર મલિક, એસબીઆઈ ગોધરા, ગુરમીતસિંહ બેદી, ચીફ મેનેજર, એસબીઆઈ દાહોદ, શીતલ શરાફ, રાજ્યના વડા, ગ્રામીણ વિકાસ જેમાં પાંચ ગામોના ટ્રસ્ટ અને પંચાયતી રાજના પ્રતિનિધિઓ હાજર હતા.



દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાની ડામોર ફ.વર્ગ અભલોડ પ્રાથમિક શાળા માંથી તા.૩૧ ઓક્ટોબર ૨૦૨૨થી વયનિવૃત થનાર શિક્ષક નરેશકુમાર પંચાલ અને ધનાભાઈ મકવાણા દ્વારા શાળાના ૧૦૪ બાળકોને સ્ટીલની થાળીઓ દાનમાં આપવામાં આવી હતી અને તે જ પાત્રમાં બાળકોને તેઓના તરફથી ભોજન કરાવવામાં આવ્યું હતું.

# ઝાલોદ નગરની સાઈ સર્જન સોસાયટીમાં સાતમા ગરબે દાહોદ જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા ઉપસ્થિત રહ્યા



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ શહેરમાં નવરાત્રી મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે સાંઈ સર્જન સોસાયટીમાં પણ ગરબાઓની રમઝટ જોવા મળી રહી છે. આજરોજ સાંઈ સર્જન સોસાયટીમાં માતાજીના દર્શન તેમજ ગરબાની રમઝટમાં દાહોદ જિલ્લા પંચાયત પ્રમુખ શીતલ કુમારી વાઘેલાની અચૂક ઉપસ્થિતિ રહી હતી. શીતલ કુમારી વાઘેલાની ઉપસ્થિતિથી ખેલૈયાઓમાં ઉત્સાહ અને ઊર્જા જોવા મળેલ હતો. સાથે સાથે ઝાલોદ શહેર પ્રમુખ દિનેશભાઈ પંચાલ, યુવા મોરચા પ્રમુખ સંતોષભાઈ, દુર્ગેશભાઈ, કિતનભાઈ પંચાલ તેમજ ધ્રુવેશભાઈ ભાટિયા અને જયેશભાઈ ડબગર પણ હાજર રહ્યા હતા. આ પ્રસંગે સાંઈ સર્જન સોસાયટીના પ્રમુખ રાજેશભાઈ પંચાલ, મંત્રી ઘનશ્યામભાઈ ભાટી, ઉપપ્રમુખ અશોકભાઈ દેવડા, સહમંત્રી રાહુલભાઈ પ્રજાપતિ તેમજ સોસાયટી સભ્યો શશીકાંતભાઈ શાહ, ઈન્દુભાઈ શાહ, પ્રવીણભાઈ સેલક સાહેબ, પ્રોફેસર આર.આર. ગોહિલ, પ્રોફેસર યોગેન્દ્રસિંહ ચૌહાણ, ઈશ્વરભાઈ પારગી, વિજયભાઈ પંચાલ, મહેન્દ્રભાઈ ભાટી, અશોકભાઈ બંબાણી તેમજ સાંઈસર્જન સોસાયટીની તમામ બહેનોએ શીતલ કુમારીને સાલ ઓઢાડી તેઓનું સ્વાગત કર્યું હતું.

# દાહોદ LCB પોલીસે પંચમહાલ-મહિસાગરમાં ઘરફોડ ચોરીના વોન્ટેડ આરોપીને ઝડપ્યા

દાહોદ,

છેલ્લા ત્રણ વર્ષથી દાહોદ, મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં ઘરફોડ ચોરીના સાત ગુનામાં નાલતા ફરતા આરોપીને દાહોદ એલ.સી.બી. પોલીસે ઝડપી પાડી જેલ ભેગો કર્યાનું જાણવા મળે છે.

દાહોદ જિલ્લામાં આગામી તહેવારોને દયાનમાં રાખી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે દાહોદ જિલ્લા પોલીસ દ્વારા નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવાની કામગીરી કરી રહી છે ત્યારે દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે છેલ્લા ત્રણ વર્ષથી દાહોદ, પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં ઘરફોડ ચોરીના સાત ગુનામાં નાસતો ફરતો આરોપી નન્નુભાઈ હિમલાભાઈ કટારા (રહે. કાલીયાવાડ, હોળી ફળિયા, તા. દેવગઢ બારીઆ, જિ.દાહોદ)નો દેવગઢ બારીઆ બસ સ્ટેશન ખાતે ઉભો હોવાનું દાહોદ એલ.સી.બી. પોલીસને બાતમી મળતાં પોલીસે દેવગઢ બારીઆ બસ સ્ટેશન ખાતે વોચ ગોઠવી ઉભા હતાં અને પોલીસે તેને ચારેય તરફથી ઘેરી લઈ ઝડપી પાડ્યો હતો. દાહોદ એલ.સી.સી. પોલીસે આરોપીને દાહોદ ખાતે લાવી તેની સઘન પુછપરછ હાથ ધરી છે.

# હાલરડું



જીજ્ઞા કપુરીયા (નિયતી)

મારા લક્ઝરીયસ આવાસનાં સ્ટોરેજમાં આજે એક જૂનું પારણિયું નજરે પડ્યું, એ પારણિયામાં મારી ને તમારી અનેક યાદો ગુંથાયેલી હશે, જેમાં તમારી માતાએ અમૃતપાન કરાવ્યાં પછી પારણિયે પોઢાડ્યા હશે, તમે જયારે સાજામાંદા હશો ત્યારે તમારી માતાએ હેતનાં હાલરડાં ગાયા હશે ને પછી તમારાં ઈસ્ટ માટે અશ્રુભરી આંખે પ્રભુને કાલાવાલા કરતાં કહેતી હશે, ''તું છાનો/છાની રહી જા નહિતો હું રડીશ. એ હાલરડાંનાં ગાન માટે હું કહીશ કે....

આ 'મા'ને ક્યાં સંગીત શીખવાની જરૂર છે!
એની તો જીવ્હામાં સરસ્વતી ને હૈયામાં શારદા બિરાજમાન છે!

આ 'મા'ને ક્યાં સંગીત શીખવાની જરૂર છે!
જેનાં હાલરડાં સાંભળવા ત્રીભોવનનાં નાથને પણ જન્મ લઈને બાળક બનવું પડ્યું છે!

આ 'મા'ને ક્યાં સંગીત શીખવાની જરૂર છે!
જેનાં હાલરડામાં સંસ્કારનું સિંચન થાય ને શ્રી કૃષ્ણ અને શિવાજી જેવાં મહાપ્રતાપીઓ જન્મે છે!

આ 'મા'ને ક્યાં સંગીત શીખવાની જરૂર છે!
જેનાં હાલરડામાં પ્રેમ મમતાનો અહેસાસ ને હૈયામાં મીઠાશ અંકાઈ છે!
આ 'મા'ને ક્યાં સંગીત શીખવાની જરૂર છે!
જેનાં હાલરડામાં માતાનાં માધુર્ય રૂપી વાત્સલ્યનો ભાવ છે ને નિદ્રાદેવીનું શરણું મળી જાય છે!

આ 'મા'ને ક્યાં સંગીત શીખવાની જરૂર છે!

ખરેખર મિત્રો, જયારે જીવનની કસોટીમાં અનિદ્રા સતાવેને મારાં વ્હાલાં ત્યારે આ માતાનાં હેતનું હાલરડું યાદ કરી લેજો. તમને નીરવ શાંતિ અવશ્ય મળી જશે.

## ૬ મહિનાથી મોહનખોબ પાણી પુરવઠા યોજના બંધ

# લાઈનમાં કચરો જામ થયાનું પંચાયતનું રટણ ગરબાડામાં અડધો વિસ્તાર ટેન્કરના સહારે

ગરબાડા,

દાહોદ જિલ્લાના ગરબાડા નગરમાં મોહનખોબ પાણી પુરવઠા યોજના છેલ્લા કેટલાંય મહિનાઓથી બંધ રહેતાં લોકોને પાણીની સમસ્યા ઉભી થવા પામી છે. લોકોને પાણી માટે વલખા મારવા પડી રહ્યાં છે. લોકોને ટેન્કરના પાણીનો સહારો લેવો પડી રહ્યો છે.

ગરબાડા ગ્રામ પંચાયતમાં હાલમાં ત્રણ યોજના દ્વારા નગરને પીવાનું પાણી પૂરૂં પાડવામાં આવે છે. ત્રણે યોજનાથી ગામતળમાં પાણી પૂરૂં પાડવામાં આવે છે, પરંતુ ગરબાડા નગરના અડધા વિસ્તારમાં મોહનખોબ યોજનાથી પાણીની સપ્લાય કરવામાં આવે છે. ગત ઉનાળામાં મોહનખોબ તળાવમાં પાણીના સ્તર નીચા જતા કાદવ વાળું પાણી આવતા આ યોજનાને પંચાયત દ્વારા હંગામી ધોરણે બંધ કરી દેવામાં આવી હતી. જેને આજે છ માસ થવા આવ્યા છતાં આ પાણી પુરવઠો પુનઃ ચાલુ કરવામાં આવ્યો નથી, પરંતુ હાલમાં આ તળાવમાં પુષ્કળ પ્રમાણમાં પાણી હોય ફરીથી આ યોજના ચાલુ કરી બસ સ્ટેશન વિસ્તાર આઝાદ ચોક વિસ્તાર અને સડક ફળિયામાં નળ લાઈન ચાલુ કરવામાં આવી નથી. આ વિસ્તારના લોકો ટેન્કર દ્વારા પીવાનું તથા વાપરવાનું પાણી મંગાવી રહ્યા છે. ગ્રામ પંચાયતને અનેકવાર રજૂઆત કરવામાં આવી છે અને પંચાયત દ્વારા લાઈન ચોકપથઈ હોવાનું વારંવાર રટણ કરવામાં આવી રહ્યું છે, પરંતુ આ ચોકઅપ થયેલી લાઈન ચાલુ કરવામાં હજી કેટલા દિવસ લાગશે એ તો સમય જ બતાવશે પરંતુ હાલમાં આ ગરબાડા નગરના અડધા વિસ્તારને કેટલા સમય સુધી ટેન્કરના સહારે રહેવું પડશે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી હિમાચલ પ્રદેશમાં દશેરાની ઉજવણી કરશે, કુલ્લુની પ્રખ્યાત રથયાત્રામાં સામેલ થશે



શિમલા,

હિમાચલ પ્રદેશમાં આગામી વિધાનસભા ચૂંટણીને લઈને પ્રવાસો વધી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે બિલાસપુરમાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સનું ઉદ્‌ઘાટન કરશે. આ સાથે તેઓ એક રેલીને પણ સંબોધિત કરશે. દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ વખતે હિમાચલ પ્રદેશમાં દશેરાની ઉજવણી કરશે. તે બુધવારે જ કુલ્લુની વિશ્વ પ્રસિદ્ધ દશેરા રથયાત્રામાં ભાગ લેશે. કુલ્લુમા દશેરાનો કાર્યક્રમ બપોરે ૩.૩૦ કલાકે શરૂ થશે.

બીજી તરફ પીએમ મોદીની બિલસુપરની મુલાકાતના સંદર્ભમાં ગુરુવારે મુખ્યમંત્રી જયરામ ઠાકુરે વ્યવસ્થાઓની સમીક્ષા કરતા સંબંધિત અધિકારીઓને મુલાકાતને યાદગાર બનાવવા માટે સૂચનાઓ આપી હતી. મુખ્યમંત્રીએ કહ્યું કે એઈમ્સ ઉપરાંત વડાપ્રધાન બિલાસપુરના બંધલા ખાતે હાઈડ્રો એન્જિનિયરિંગ કોલેજનું પણ ઉદ્‌ઘાટન કરશે. પીએમ મોદી ફોર લેન પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કરશે.

સીએમએ જાહેર બાંધકામ વિભાગના અધિકારીઓને બિલાસપુર અને તેની આસપાસના વિસ્તારોમાં બસો અને અન્ય વાહનો માટે પર્યાપ્ત પાર્કિંગની વ્યવસ્થા કરવા ઉપરાંત બિલાસપુર શહેર તરફ જતા રસ્તાઓની યોગ્ય જાળવણી સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો.

આ સિવાય પીએમની બિલાસપુર મુલાકાત પહેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડા રવિવારે હિમાચલની મુલાકાતે ગયા હતા. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું સપનું છે કે તમામ રાજ્ય અને જિલ્લા સ્તરે ભાજપનું પોતાનું મુખ્યાલય હોવું જોઈએ. ઉનામાં પાર્ટી કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરતા ભાજપના પ્રમુખ જેપી નડ્ડાએ કહ્યું કે આ કાર્યાલય પાર્ટીના કાર્યકરોને પાર્ટીના આધારને મજબૂત કરવા માટેની વ્યૂહરચનાનું આયોજન અને અમલ કરવામાં મદદ કરશે.

# આપની આજ.......

મેષ : આજે વેપારના ક્ષેત્રમાં મનને અનુકૂળ ફાયદો થવામાં આનંદ થશે. આર્થિક સ્થિતિ પહેલા કરતા વધુ મજબૂત બનશે. વ્યવસાયમાં પરિવર્તનનું આયોજન છે. સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા અને પારિવારિક જવાબદારીઓ પૂર્ણ થશે.

વૃષભ : પત્નીને સમસ્યા સર્જાતા ભાગદોડ થઈ શકે છે અને શરીરની પીડાના કારણે વધુ ખર્ચા થઈ શકે છે. કોઈ મિલકતની ખરીદી અને વેચાણ સમયે તેની પહેલાં મિલકતના તમામ કાયદાકીય પાસાઓ ધ્યાનમાં લો.

મિથુન : આજે તમારી આર્થિક બાજુ મજબુત બનશે. સંપત્તિ, સન્માન, ખ્યાતિ વધશે. અટકેલા કામો પૂરા થશે. પ્રિયજનોને મળશો. વાણી ઉપર સંયમ ના રાખવાથી પ્રતિકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ શકે છે.

કર્ક : આજનો દિવસ પરોપકાર્યમાં વિતાવશો, જેમાં તમને માનસિક શાંતિ પણ મળશે. ક્ષેત્રમાં પણ તમારી તરફેણમાં કેટલાક પરિવર્તન આવી શકે છે, આને કારણે તમારા સાથીઓનો મૂડ બગડી શકે છે.

સિંહ : આજે ઘર માટે ઉપયોગી વસ્તુ પર પૈસા ખર્ચ થશે. આજે કોઈ સંબંધીના કારણે તણાવ વધી શકે છે. વ્યવહારમાં સાવચેત રહો, પૈસા ફસાઈ શકે છે. આજે કોર્ટમાં જવું પડી શકે છે.

કન્યા : પરિવાર સાથે આજનો દિવસ આનંદદાયક રહેશે. સારા નસીબનો સાથ બપોર સુધી મળશે, આનંદદાયી સારા સમાચાર પણ મળશે. આરોગ્ય પ્રત્યે સભાન રહેવાની જરૂર છે.

તુલા : આજે શિક્ષણ અને પ્રતિસ્પર્ધાના ક્ષેત્રમાં વિશેષ સિદ્ધિનો યોગ છે. આવકના નવા સ્ત્રોત સર્જાશે. તમારી વાતચીતની શૈલી તમને વિશેષ આદર આપશે. વધુ પડતી ભાગદોડને લીધે, પ્રતિકૂળ હવામાનની અસર સ્વાસ્થ્ય પર થઈ શકે છે.

વૃશ્ચિક : વૈવાહિક જીવન આનંદપ્રદ રહેશે. આજે નજીકની અને દૂરની યાત્રા પણ થઈ શકે છે. ધંધામાં વધતી પ્રગતિ આનંદકારક રહેશે. વિદ્યાર્થીઓને માનસિક બૌદ્ધિક ભારથી મુક્તિ મળશે.

ધનુ : પિતાના આશીર્વાદ અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી, કોઈ કિંમતી વસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઈચ્છા આજે પૂર્ણ થશે. વ્યસ્તતા વધુ રહેશે, વ્યર્થ ખર્ચ ટાળો.

મકર : રાજકીય ક્ષેત્રે સફળતા મળશે. બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂરી થશે. સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો. અટકેલા કામ પણ પૂર્ણ થશે. પાચનશક્તિ અને આંખની સમસ્યાની સંભાવના છે. સાંજથી રાત્રિ સુધીનો સમય દર્શન અને પ્રિયજનો સાથે મસ્તી કરવામાં વિતાવશો. ખાવા પીવાનું વિશેષ ધ્યાન રાખવું.

કુંભ : આજે તમને વ્યાવસાયિક યોજનાઓમાં વેગ મળશે અને ધનપ્રાપ્તિનો પણ યોગ છે. રાજ્યની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. ઉતાવળ અને ભાવનાત્મકતામાં લીધેલા નિર્ણયથી પાછળથી પસ્તાવો આવી શકે છે.

મીન : આજે વૃદ્ધોની સેવા કાર્યોમાં પૈસા ખર્ચ કરવાને કારણે મનમાં આનંદ થશે. તમે વિરોધીઓ માટે માથાનો દુઃખાવો બની રહેશે. દાંપત્ય જીવનમાં ખુશાલી રહેશે. સાંજથી રાત્રિ સુધીનો સમય દર્શન અને પ્રિયજનો સાથે આનંદમાં વિતાવશો. ખાવા પીવાનું વિશેષ ધ્યાન રાખવું.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પંચમહાલ જીલ્લા માંથી પસાર થતી નર્મદા કેનાલ માંથી

# સિંચાઈની સુવિધા પુરી પાડવા યોજના લાવવા પ્રદેશ ભાજપ કારોબારી સભ્ય દ્વારા આવેદન અપાયું



ગોધરા,

પંચમહાલ જીલ્લાના ખેડુતોને સિંચાઈના પાણીની સુવિધા ન મળતા ગુજરાત પ્રદેશ બીજેપી કારોબારી સભ્ય ગોપાલભાઈ પટેલ દ્વારા વડાપ્રધાનને ઉદ્દેશી આવેદન આપી પંચમહાલ જીલ્લાના ખેડુતોને સિંચાઈના પાણીની સુવિધા માટે સાંસદ અને ધારાસભ્ય દ્વારા યોગ્ય રજુઆત નહી કરતા જીલ્લાના ખેડુતોની સિંચાઈની સુવિધાને ધ્યાનમાં ન લેવાની હોવાનો બળાપો ઠાલવ્યો છે.

રાજયના કચ્છ અને સૌરાષ્ટ્રમાં નર્મદા આધારીત પાઈપ લાઈન કરીને સિંચાઈ માટે પાણી આપવામાં આવેલ છે. તે રીતે પંચમહાલ જીલ્લાના ખેડુતોને નર્મદા આધારીત સિંચાઈ યોજના, પાનમ સિંચાઈ યોજના તેમજ કડાણા ડેમ માંથી વહી જતાં પાણીને પાનમ ડેમમાં ડાયવર્ઝન કરી પાનમ ડેમને ભરવામાં આવે તો જીલ્લાની તમામ તાલુકાઓને સિંચાઈનું પાણી પુરુ પાડી શકાય તેમ છે. નર્મદા મુખ્ય કેનાલ પંચમહાલના હાલોલ, કાલોલ અને ગોધરા એમ ત્રણ જીલ્લાઓમાંથી પસાર થાય છે. પંચમહાલ જીલ્લાના ખેડુતોએ નર્મદા કેનાલ બનાવવા માટે ફળદ્રુપ ખેતીની જમીનોનો ભોગ આપેલ હોવા છતાં સિંચાઈ માટે પંચમહાલ જીલ્લાની જમીનોને નર્મદા કમાન્ડ વિસ્તારમાં સમાવેશ કરવામાં આવેલ નથી. જેથી જીલ્લાના ખેડુતો સિંચાઈ સુવિધા થી વંચિત રહ્યા છે.

પંચમહાલ જીલ્લા માંથી દાહોદ અને મહિસાગર ત્રણ જીલ્લા અસ્તિત્વમાં આવ્યા છે. તે ત્રણ જીલ્લાઓમાં સિંચાઈ યોજનાની સુવિધા નથી. પાનમ ડેમ અને કડાણા ડેમમાં પણ નહિવંત પાણી સંગ્રહ થાય છે અને વરસાદી પાણી વહી જાય છે. સરકાર દ્વારા નદીઓ જોડવાની મહત્વાકાંક્ષી યોજના બનાવેલ હતી. તે મોકુફ રાખવામાં આવી છે.

પંચમહાલ જીલ્લામાં માત્ર ૩૦ ટકા જમીનમાં સિંચાઈની સુવિધા ધરાવે છે. બાકી ૭૦ ટકા જમીનમાં વરસાદ આધારીત ખેતી ઉપર નભે છે. સિંચાઈની સુવિધા ન હોવાથી પોતાની ફળદ્રુપ જમીન પડતર રહેતી હોવાથી પોતાની ફળદ્રુપ જમીન પડતર રહેતી હોવાથી રોજગારી માટે રાજયના અલગ-અલગ જીલ્લામાં જવું પડે છે. જીલ્લામાં મોટી નદીઓ, પાનમ, હડફ, મેશરી, કુણ, મર્યા, ગોમા જેવી નદીઓ પસાર થાય છે. આ નદીઓ ઉપર કરોડોના ખર્ચે ચેકડેમ બાંધવામાં આવ્યા છે. પરંતુ વરસાદ અનિયમીત હોવાથી ચેકડેમમાં પાણીનો સંગ્રહ થતો નથી. ત્યારે સૌની યોજના દ્વારા પાઈપ લાઈન કરી ચેકડેમ, મોટા તળાવો અને ડેમો ભરવામાં આવે તો સિંચાઈ સુવિધા ઉભી થાય તેમ છે. વનબંધુ યોજના હેઠળ ખેડુતોને સિંચાઈ પાણી આપવા નર્મદા કેનાલ આધારીત હાફેશ્વર યોજના બનાવવામાં આવી. જળ સંપતિ વિભાગે ફાફેશ્વર યોજના અંતર્ગત નર્મદા કેનાલ માંથી મુખ્ય નહેર સાંકળની ૧૩૪.૩૦ કિ.મી. પાસેથી ૮.૫૦ કિ.મી. લાંબી એમ.એસ.પાઈપ લાઈન બાંધકામ કરી પાનમ મુખ્ય નહેરની સાંકળી ૭૧.૭૫ કિ.મી. પાસે પાણી પહોંચાડવા કામગીરી હાથ ધરવામાં આવેલ છે. તેના ઈજારા માટે ટેન્ડરીંગ થયેલ છે. કેન્દ્ર સરકાર નર્મદા ઓંથોરીટી વિભાગ દ્વારા પાણી લેવાની મંજુરી મળેલ ન હોવાથી આ યોજનાના કામો શરૂ થયા નથી. તેનો લાભ પણ ખેડુતોને મળેલ નથી. વડાપ્રધાન દ્વારા ગરીબલક્ષી અને ખેડુતલક્ષી વિવિધ યોજના બનાવી છે. ખેડુતોને સિંચાઈનો લાભ મળે તે માટે હરખેત કોપાની યોજના દેશભરમાં અમલમાં તેનાથી ખેડુતોને આશા બંધાઈ છે. પંચમહાલ જીલ્લાના તમામ તાલુકા ખેડુતોને સિંચાઈનું પાણી મળે અને ખેડુતોની આવક બમણી થાય તે માટે વડાપ્રધાન કેન્દ્ર અને રાજય સરકારના વિભાગોને સુચના કરી સર્વે કરાવી જીલ્લાના ખેડુતોને સિંચાઈની સુવિધા પુરી પાડવામાં આવે તેવી માંગ સાથે ગુજરાતના પ્રવાસે આવેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઉદ્દેશીને પ્રદેશ ભાજપ કારોબારી સભ્ય ગોપાલભાઈ પટેલ દ્વારા પંચમહાલ કલેકટરને આવેદન આપવામાં આવ્યું.

> પંચમહાલ જીલ્લાના ખેડુતોને સિંચાઈ માટે પાણી મળતા નથી. નર્મદા મુખ્ય કેનાલ ત્રણ તાલુકા માંથી પસાર થતી હોવા છતાં સિંચાઈની સુવિધાના અભાવે ખેડુતોની હાલત કફોડી બની છે. સૌરાષ્ટ્ર અને કચ્છના નેતાઓની રજુઆત થી રજુઆતોને લઈ બન્ને જીલ્લામાં ખેડુતો સિંચાઈનો લાભ મળતા ખેડુતો સમૃધ્ધ થયા છે. જયારે પંચમહાલ જીલ્લાના ધારાસભ્ય અને સાંસદ જાગૃત નથી. તેમના દ્વારા ખેડુતોલક્ષી સિંચાઈ યોજના માટે રજુઆત કરવામાં આવતી નથી. તેવા આક્ષેપ સાથે બળાપો કાઢયો છે. સ્થાનિક નેતા અને પ્રદેશ ભાજપ કારોબારી સભ્ય ગોપાલભાઈ પટેલ દ્વારા જીલ્લાના ખેડુતો સિંચાઈની સુવિધા ન મળવા માટે ચુંટાયેલા નેતાઓને રસ ન હોય ત્યારે આખરે વડાપ્રધાનને ઉદ્દેશીને આવેદન આપ્યું છે.
> **ગોપાલભાઈ ધનશ્યામભાઈ પટેલ ગુજરાત પ્રદેશ કારોબારી સભ્ય....**

**- જીલ્લાના ખેડુતોની સિંચાઈની સુવિધાને લઈ ધારાસભ્ય અને સાંસદ દ્વારા યોગ્ય રજુઆત ન થતી હોવાનો બળાપો.**

**- સિંચાઈ પાણીનો લાભ ન મળતા હજારો હેકટર જમીન પડતર રહે છે.**

## કાલોલ તાલુકામાંથી પસાર થતી ગોમાં નદીમાંથી બેફામ રેતી ખનન કરતા ખનીજ માફીયાઓ પર કોના આશીર્વાદ ?





કાલોલ,

કાલોલ તાલુકા માંથી પસાર થતી ગોમાં નદીમાં બેફામ રેતીનું ખનન કરી ખનીજ માફિયાઓ સરકારી તિજોરીઓને નુકશાન પહોંચાડી મોટા પ્રમાણમાં વ્યાપલો કરતા હોય છે. ગોમાં નદી માંથી ધોળા દિવસે સ્થાનિક તંત્રની આખમાં ધૂળ ઝાંખી નદી માંથી રેતી ઉલેચી નદીમાં જ મોટા પ્રમાણમાં સ્ટોક કરતા હોય છે. ખનીજ માફિયાઓ દ્વારા કાલોલ નગર પાસેના જેતપુર, દોલતપુરા તેમજ શિશુમંદિર પાછળથી બેફામ રીતે રેતી ખનન કરી કાલોલ પાસેના જેતપુર તેમજ દોલતપુરા માર્ગો પરથી મલાવ ચોકડી તરફ ગેરકાયદેસર રીતે રેતી ભરેલા ટ્રેક્ટરો દોડતા હોય છે. ગોમા નદીમાંથી રેતી ખનન સામે પંચમહાલ જિલ્લા ખાણ ખનીજ વિભાગની પણ અનેક રેડો થવા છતાં પણ ''જે સે થે''ની પરિસ્થિતિ સર્જાતી હોય છે. જોકે, ખાણ ખનીજ વિભાગ દ્વારા પણ દેખાવ પૂરતી કામગીરી થતી હોય તેવું પણ લોક ચર્ચા દ્વારા જાણવા મળી રહેતુ હોય છે. બેફામ રેતી ખનન કરતા ખનીજ માફિયાઓ સામે પંચમહાલ જિલ્લા ખાણ ખનીજ વિભાગ તેમજ સ્થાનિક તંત્ર પણ શુ આંખ આડા કાન કરતું હોય છે ? કે પછી કાયદાનો ડર રાખ્યા વગર ધોળા દિવસે ''કાયદા કી એસી કી તેસી'' સમજી ખનીજ માફિયાઓ જગ જાહેર ગોમાં નદીમાં રેતીના સ્ટોક કરી બમણી કમાણી કરી પોતાનો રૂવાબ છાટવા માંગતા હશે ? જોકે, પોતાના પેટનો ખાડો પૂરવા માટે ગોમા નદીમાં ઠેરઠેર ગોખલાઓ પાડી રીતે ઉલેચતા હોય છે. કાલોલ નગરની સ્મશાન ભૂમિ તેમજ નવજાત શિશુના મૃતદેહોના કબ્રસ્તાનને પણ ખોદી ગોમા નદીમાં ગોખલાવો કરી દેવતા કાલોલ નગરના એક જાગૃત નાગરિકે ખનીજ માફિયાઓના પર્દાફાસ કર્યા છે. ગોમા નદીના પટ માંથી બેફામ રીતે રીતે ખનન કરી કાલોલ મલાવ રોડ ઉપર પાસ પરમીટ વગરના બેફામ રેતીના ટ્રેક્ટરો દોડતા હોય છે. ટૂંક સમય પહેલાં જ કાલોલ તાલુકાના નેવરીયા ગામના યુવાનો દ્વારા રોડના પ્રશ્નોને લઈ રેતી ખનન કરતા એક ઓવર લોડ હાઈવાને પોલીસને હવાલે કર્યો હતો. ત્યારબાદ ગામના યુવાનો દ્વારા કાલોલ મામલતદાર તેમજ પંચમહાલ જિલ્લા કચેરી ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. તેમ છતાં રેતી ખનન કરતા ખનીજ માફીયાઓને કોઈ પણ પ્રકારનો ડર રહેતો નથી. ગોમા નદીમાં બેફામ રેતી ખનન કરતા ખનીજ માફિયાઓના કારણે કેટલાક ખેડૂતોની નદી કાંઠે આવેલ જમીન પણ નદીમાં ગરકાવ થઈ ગઈ હોવાનું જાણવા મળી રહે છે. જોકે, ખનીજ માફિયાઓ હવે સ્મશાન ભૂમિ તેમજ કબ્રસ્તાનની જગ્યાઓની આસપાસ પણ રેતી ખનન કરી નદીમાં મોટા ખાડાઓ કરી ગોખ બનાવી દેતાં આસપાસના ખેડૂતો પણ ચિંતિત થયા છે. ગોમાં નદીમાં રેતી ઉલેચી નદીના પટમા મોટા પ્રમાણમાં ઢગલાં કરી ત્રણ-ત્રણ ટ્રેક્ટરો રેતી ભરતા હોવાનો વિડીયો એક જાગૃત નાગરિક દ્વારા મોબાઈલ ફોનમાં કેદ કરી વાયરલ કરી ખનીજ માફિયાઓના કાળા કરતુસ બહાર લાવવાની કોશિષ કરી છે. હવે જોવું રહ્યું કે, સરકારી કાયદાનું ઉલ્લંઘન કરી રેતી ઉલેચતા ટ્રેક્ટરના માલિકો સામે પંચમહાલ જિલ્લા ખાણ ખનીજ તેમજ સ્થાનિક તંત્ર ચોક્કસ પણે તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી કરશે કે કેમ ? તે પણ હવે જોવું રહ્યું ... શું રેતી ખનન કરતા ટ્રેક્ટરોને ક્યાં પ્રકારના હેતુથી આરટીઓ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. તદુપરાંત કેટલાક નંબર વગરના ટેકટર સામે તંત્ર તપાસ હાથ ધરીશું કાર્યવાહી કરશે ? ગોમાં નદી માંથી બેફામ રેતી ખનન કરતા ખનીજ માફિયાઓ પર આશીર્વાદ કોના હોઈ શકે ?

## પાવાગઢ શકિતપીઠ ખાતે આઠમા નોરતાએ નવચંડી યજ્ઞ યોજયો

### આઠમે નોરતે લાખો માઈ ભકતો દર્શન માટે ઉમટી પડયા



પાવાગઢ,

સુપ્રસિદ્ધ યાત્રાધામ અને શક્તિપીઠ પાવાગઢ મહાકાળી મંદિર ખાતે આજે આસો નવરાત્રીના આઠમા નોરતે હોમાત્મક નવચંડી યજ્ઞ યોજાયો હતો. શ્રી કાલિકા માતાજી મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી પરેશ પટેલ અને જિલ્લા કલેક્ટરના પરિવારની યજમાનીમાં યોજાયેલો યજ્ઞ સાંજે પૂર્ણ થતા શ્રીફળ હોમવામાં આવ્યા હતા. આઠમના નવચંડી યજ્ઞ પૂજા પ્રસંગે મહાકાળી મંદિરના ટ્રસ્ટીઓ સાથે જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં અને યજ્ઞમાં શ્રીફળની આહુતિ આપી હતી.

આસો નવરાત્રીના આજે આઠમના દિવસે પાવાગઢ મહાકાળી મંદિર ખાતે વર્ષોની પરંપરા મુજબ હોમાત્મક નવચંડી યજ્ઞ કરવામાં આવ્યો હતો. મંદિરના ૨ ટ્રસ્ટીઓની યજમાનીમાં યજ્ઞ પૂર્ણ થતાં મંદિરના ટ્રસ્ટીઓ, જિલ્લા કલેક્ટર, જિલ્લા પોલીસ અધિકારી, હાલોલ પ્રાંત અધિકારી, હાલોલ ડીવાયએસપી, એસીએફ સહિત અનેક અધિકારીઓએ યજ્ઞ પૂજા કરી માતાજીની આરતીની પૂજાનો હિસ્સો બન્યા હતા અને શ્રીફળની આહુતિ આપી હતી.

શાસ્ત્રોકત વિધિથી યોજવામાં આવેલા યજ્ઞ પૂજાની આહુતિ સાંજે ૪.૩૦ વાગ્યે પૂર્ણ થઈ હતી. માતાજીની આરતી ઉતારવામાં આવી હતી, પછી ઉપસ્થિત ઉચ્ચ અધિકારીઓ દ્વારા યજ્ઞ પૂજા કરી નવચંડીનું સમાપન કરવામાં આવ્યું હતું. અનેક ભક્તો યજ્ઞની પૂજા માટે આવ્યા હતા.





ગોધરા પોલીસ ગ્રાઉન્ડ ખાતે નવરાત્રી ગરબા મહોત્સવમાં સાતમે નોરતે યુવાધન હિંડોળે ચડયું.

## ગોધરા-દાહોદ હાઈવે પરવડી પાસેથી ઝાયલો ગાડી માંથી બે લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

ગોધરા,

ગોધરા-દાહોદ હાઈવે રોડ પરવડી બ્રીજ પાસે પોલીસના વાહન ચેકીંગ દરમિયાન ઝાયલો ગાડી દાહોદ તરફથી આવતી હોય તે પોલીસને જોઈ ગાડી છોડી નાશી છુટીયો હતો. પોલીસના ચેકીંગ દરમિયાન ગાડી માંથી ઈંગ્લીશ દારૂ કિંમત ૨,૦૮,૧૭૬/- રૂપીયા સાથે મુદ્દામાલ ઝડપાયો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકા પોલીસ ગોધરા દાહોદ હાઈવે રોડ પરવડી બ્રીજ પાસે વાહન ચેકીંગમાં હતા. દરમિયાન દાહોદ તરફ થી આવતી ઝાયલો ગાડી નંબર જીજે.૧૬.ઝેડ.૬૯૪૪ પસાર થતી હોય જે પોલીસને દેખી ઝાયલો ગાડી ભગાડી મુકી ડીવાઈડર સાથે અથડાઈ જતા ચાલક ગાડી છોડી નાશી છુટીયો હતો. પોલીસે ઝાયલો ગાડીમાં ચેકીંગ કરી ગાડી માંથી ઈંગ્લીશ દારૂ પ્લાસ્ટીક કવાટરીયા નંગ-૯૬૦ કિંમત ૯૩,૧૨૦/-, કાચના કવાટરીયા નંગ-૧૯૨ કિંમત ૩૮,૦૧૬/-, લંડન પ્રાઈડ કાચના કવાટરીયા નંગ-૧૪૪ કિંમત ૧૯,૪૪૦/-, બીયર નંગ-૫૭૬ કિંમત ૫૭,૬૦૦/- મળી કુલ ૨,૦૮,૧૭૬/-રૂપીયા, ઝાયલો ગાડી મળી કુલ ૩,૫૮,૧૭૬/-રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લઈ આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે પ્રોહિબીશન એક્ટ હેઠળ ગુનો નોંધાવામાં આવ્યો.



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

**ઘોઘંબા તાલુકામાં આવેલી રણજીત નગરની બાઢવા ફળિયા પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૫ ના તમામ વિદ્યાર્થીઓને શ્રી રંગ સેવા તીર્થ ફાઉન્ડેશન-વડોદરા તરસાલી દ્વારા યુનિફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું. શ્રી રંગ સેવા તીર્થ ફાઉન્ડેશનના પ્રમુખ કનુભાઈ લીંબાચીયા તથા ઉપપ્રમુખ જગતકુમાર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. દુધાપુરા પ્રાથમિક શાળાના શિક્ષક રાજેશકુમાર પટેલ દ્વારા સદર શાળાને યુનિફોર્મના લાભ માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે એસએમસીના સભ્યો અને વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. શાળા સ્ટાફ માંથી આચાર્ય ધર્મેશભાઈ પારેખ તથા શિક્ષિકા બહેનોએ આભાર વ્યક્ત કર્યો હતો.**



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

**ઘોઘંબા મેન બજારમાં માતાજીના મંદિરે માં આદ્યાશક્તિ જગદંબા ગ્રુપ દ્વારા માતાજીના ચોકમાં સુંદર ગરબાનું આયોજન કરી ગરબા ખેલૈયોની રમઝટ જામી.**

## દેવગઢ બારીયા ખાતે ૧૭ મો ગ્રામીણ ઓલિમ્પિકસ યોજાશે

દાહોદ,

ગુજરાત વિધાન સભાના દંડક રમેશભાઈ કટારાના અદયક્ષ સ્થાને ૧૭માં ગ્રામીણ ઓલિમ્પિકસનું ૨૦૨૨નું ઉદ્દઘાટન ૫ ઓક્ટોમ્બર ના રોજ જયદીપસિંહજી જિલ્લા રમત સંકુલ દેવગઢ બારીયા ખાતે સવારે ૧૦:૦૦ કલાકે દંડક દ્વારા ઉદ્દઘાટન થશે. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સાંસદ જશવંતસિંહ ભભોર, અને જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા ઉપસ્થિત રહેશે. સ્પોર્ટસ ઓથોરીટી ગુજરાત દ્વારા દર વર્ષે ગ્રામિણ ઓલિમ્પિકસનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે પણ તા. ૫ ઓક્ટોમ્બર દરમ્યાન ૧૭ મો ગ્રામીણ ઓલિમ્પિકનું ભવ્ય આયોજન કરવામાં આવશે. તારીખ-૫ ઓક્ટોમ્બરના રોજ ૧૦૦મી, ૪૦૦ મીટર દોડ, ગોફણ ફેક, ગીલ્લોલ, તિરંદાજી-૫૦ મીટર, લાંબી દોડ ૮ કીમી, રસ્સા ખેંચ, ગદી દડો, કબડ્ડી, ખો-ખો, સાયકલ પોલો તથા બહેનો માટે માટલા દોડ, ૧૦૦મી, ૪૦૦મી, દોડ, તિરંદાજી ૫૦ મીટર, લાંબી દોડ ૫ કીમી, રસ્સાખેંચ અને ખોખો સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ વિજેતા થયેલ ખેલાડીને રોકડ પુરસ્કાર પણ આપવામાં આવશે.




સરકારી ઈજનેરી કોલેજ, ગોધરાના મિકેનિકલ વિદ્યાશાખાના પાંચમાં સેમિસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ચૌહાણ વીરેન્દ્રસિંહ વિક્રમસિંહએ NSS DAY અંતર્ગત HNGU, પાટણ ખાતે યોજાયેલ સ્પર્ધામાં GTU NSS ટીમનું પ્રતિનિધિત્વ કરતા રંગોળી સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. સંસ્થા તેમજ યુનિવર્સીટીનું ગૌરવ વધારેલ છે. તેમેને સંસ્થાના આચાર્ય પ્રો. એ.કે.પટેલ, NSS કોર્ડિનેટર પ્રો. એન.જે.પરમાર તેમજ NSS ટીમ, અન્ય અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ શુભેચ્છાઓ પાઠવી હતી.

## કાંકણપુર આર્ટસ અને કોમર્સ કોલેજમાં નવરાત્રી પર્વ નિમતે ગરબાની ભારે ઉત્સાહભેર ઉજવણી કરાઈ



કાંકણપુર,

ગોધરા તાલુકાની કાંકણપુર ખાતે આવેલ શ્રી જે.એલ.કે.કોટેચા આર્ટસ અને શ્રીમતી એસ.એચ.ગાર્ડી કોલેજ કાંકણપુરમાં સાંકૃતિક વિભાગ, એન.એસ.એસ વિભાગ, સી.ડબલ્યુ.ડી.સી.તેમજ કોલજના આચાર્ય ડો. કુમાર જૈમીની શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ હાલ ચાલી રહેલા નવરાત્રીના પાવન તહેવાર નિમતે કોલેજમાં ગરબા મહોત્સવનું ભારે દબદબાભેર ઉજણવી કરાઈ. જેમાં કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમજ અધ્યાપકો મન મુકીને ગરબા રમ્યા હતા. જેમાં તમામ વિદ્યાર્થીઓ પરંપરાગત વેશભૂષામાં આવ્યા હતા. સાથે પંચમહાલ, દાહોદ, મહીસાગર જિલ્લા સૌથી વધારે ચાલતા ગીતો ટીમલીમાં ઉત્સાહથી બાળકો નાચ્યાં હતા. તેમજ સારા ગરબા રમનારને અધ્યાપકોના હસ્તે ટ્રોફી તેમજ ઈનામ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કોલેજના વડા ડો.જે.પી.પટેલ, ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કો.ઓર્ડીનેટર ડો.નરસિંહભાઈ પટેલ, સંસ્કુત વિભાગના ડો. પ્રવીણ અમીન, એન.એસ. એસ.વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડો. મહેશ રાઠવા, ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. પ્રવીણ અમીન, ડો.મહેશભાઈ રાઠવા, ડો.સાબતસિંહ પટેલ, ડો. શૈલેશભાઈ પટેલ, સી.ડબ્લ્યુ. ડી.સી.ના કન્વીનર ઉષાબેન પટેલ તેમજ સાંકૃતિક વિભાગના કન્વીનર ડો. જયંતિભાઈ પટેલએ કર્યું હતું. સર્વોદય ચેરીટેબલના મેનેજિંગ ટ્રસ્ટી મૌલિનભાઈ શાહે તેમજ આચાર્ય ડો.કુમાર જૈમીની શાસ્ત્રીએ ખેલૈયાઓને ગરબે રમવા માટેની શુભેચ્છાઓ તેમજ ખેલૈયાઓને ઇનામ પ્રાપ્ત કરવા માટે અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમની આભારવિધિ ડો. જગદીશભાઈ પટેલે કરી હતી.